## E-15. One day training programme organized on "ટ્રેક્ટર અને ખેતમશીનો ચલાવતી વખતે ધ્યાનમાં રાખવાની સુરક્ષા અને સાવચેતી"

ફાર્મ મશીનરી અને પાવર ઈજનેરી વિભાગ, કૃ.ઈ.ટે.કો.,આ.કૃ.યુ., ગોધરા દ્વારા "ટ્રેક્ટર અને ખેત મશીનો ચલાવતી વખતે ધ્યાનમાં રાખવાની સુરક્ષા અને સાવચેતી" વિષય પર તા. ૨૮/૦૨/૨૦૧૯ ના રોજ એક દિવસીય ખેડૂત તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું

સૌ પ્રથમ અત્રેની કોલેજના આચાર્ય અને ડિનશ્રી તેમજ વિભાગીય વડાશ્રીઓ તથા આમંત્રિત મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્યથી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો ત્યારબાદ ડો.આર.સ્વર્ણકાર,પ્રાદ્યાપક અને વડાશ્રી ફાર્મ મશીનરી અને પાવર ઈજનેરીવિભાગ દ્વારા કાર્યક્રમના અધ્યક્ષ ડો. આર.સુબૈયાહ્આચાર્ય અને ડીનશ્રીનું પુષ્પ ગુચ્છથી સ્વાગત કર્યું. ડો. આર. સી. સાળુંખે,મદદનીશ પ્રાધ્યાપક દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત કોલેજના જુદા-જુદા વિભાગના વડાશ્રીઓનું તેમજ ડો. કે. એલ. ડાભી,મદદનીશ પ્રાદ્યાપક દ્વારા આત્મા પ્રોજેકટ પંચમહાલ જિલ્લાથી પધારેલ શ્રી યોગેશ પટેલનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું. ડો. આર. સ્વર્ણકાર,પ્રાદ્યાપક અને વડાશ્રીએ પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં આમંત્રિત તમામને આવકારી ખેતીમાં થતાં અકસ્માતના કારણો અને તેને ઘટાડવા માટેના ઉપાયો વિશેની જરૂરી સમજણ આપી શ્રી. યોગેશ પટેલે સદર તાલીમ કાર્યક્રમનો વિષય ખેડૂતો માટે ખૂબ જ જરૂરી હોવાથી ઉપસ્થિત ખેડૂતોને સદર વિષયને લગતી માહિતી ઊંડાણ પૂર્વક જાણવા માટે પ્રેરિત કર્યા અધ્યક્ષ ડો. આર.સુબૈયાહ સાહેબે ટ્રેક્ટર અને તેને લગતા ખેત ઓજારોને વસાવતી વખતે તેનું આર્થિક મૂલ્યાંકન કેવી રીતે કરવું જોઈએ જેથી ખેત ઓજારો ખેડૂતો માટે ફાયદાકારક થશે એ વિશે ઊંડાણમાં સમજણ આપી. ઉદઘાટન કાર્યક્રમની આભાર વિધી કરતી વખતે ડો. આર. સી. સાળુંખેશ્રીએ હાલમાં દેશમાં કૃષિ યાંત્રિકીકરણ વધે છે જે અનુસંધાનમાં ટ્રેક્ટર અને ખેત મશીનો ચલાવતી વખતે ધ્યાનમાં રાખવાની સુરક્ષા અને સાવચેતીનું મહત્વ સમજાવ્યું અને આભાર વ્યકત કર્યો

ડો. આર. સ્વર્ણકારશ્રીએ તેઓના પ્રવચનમાં ટ્રેકટર અંગે વિશેષ સમજ આપી અને ટ્રેકટર ચલાવતી વખતે ધ્યાનમાં રાખવાની સુરક્ષા અને સાવચેતી સંબંધિત માર્ગદર્શન પૂરું પાડ્યુંતેમજ ડો. કે. એલ. ડાભી શ્રીએ કૃષિ યાંત્રિકીકરણમાં વપરાતા સાધનોની સારસંભાળ અને સાવચેતીના ઉપાયોવિષય પર માર્ગદર્શન પૂરું પાડ્યુંઆ તમામ વકતવ્યો પૂર્ણ થયા બાદ વિભાગ ખાતે આવેલ ઇંપ્લીમેંટ શેડની મુલાકાત કરવામાં આવી અને જુદાજુદા ટ્રેક્ટરની વિશેષતાઓ અને ટ્રેક્ટર ચલાવતી વખતે ધ્યાનમાં રાખવાની સલામતીના ઉપાયો વિશે નિદર્શન કરવામાં આવ્યું તેમજ રીપર બાઈંડર, સેલ્ફ પ્રોપ્પેલ્ડ રીપર, થ્રેસર, ચાફ કટર, મેઈઝ શેલર તેમજ અન્ય સાધનોમાં આપેલ સુરક્ષા ઉપકરણ વિષયે અને તેના ચલાવતી વખતે ધ્યાનમાં રાખવાની સાવચેતીના મુદ્દાઓ અંગે નિદર્શન કરવામાં આવ્યું




